# શ્રી ભરાડ વિદ્યા મંદિર–રાજકોટ

**ધોરણ : ૧૨ કૉમર્સ** **માસ્ટર પેપર–૧** **સમય: ૩ કલાક**

**વિષય : ગુજરાતી** **કુલ ગુણ: ૧૦૦**

## વિભાગ : A

❖ એક વાક્યમાં ઉત્તર લખો : **[4]**

(1) કાગડાનું બોલવું શાનું પ્રતીક છે ?

(2) કેટલાક રાજાઓએ પોતાના મોંના ગલોફામાં બબ્બે સોપારી કેમ ઠોંસી હતી ?

(3) કવિ ભયનો ભરેલો ખેલ શેને ગણાવે છે ?

(4) 'હજો હાથ કરતાલ' ગઝલમાં કવિએ કયા કયા સંતોને યાદ કર્યા છે ?

❖ બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો : **[4]**

(5) આશંકાનું નામ શાથી કરુણ અને અનુકંપાને પાત્ર બન્યું છે ?

(6) યુવતીઓએ સમર્પિત કરેલાં પુણ્યોમાંથી કઈ યુવતીના પુણ્યને રાજા વિક્રમ સર્વશ્રેષ્ઠ ગણાવે છે ? શા માટે ?

❖ સવિસ્તર ઉત્તર લખો : **[8]**

(7) 'રેવાતટે મધ્યાહ્ન સંધ્યા'માં કવિએ ગ્રીષ્મના બપોરનું દોરેલું શબ્દચિત્ર તમારા શબ્દોમાં આલેખો.

(8) 'ગોવિંદના ગુણ ગાશું' કાવ્યમાં મીરાંબાઈની કૃષ્ણ પ્રત્યેની અનન્ય પ્રેમલક્ષણા ભક્તિનો સૂર કઈ રીતે સંભળાય છે ? *અથવા*

(8) 'આંખે કંકુના સૂરજ આથમ્યા' શીર્ષકની યથાર્થતા ચર્ચો.

❖ કાવ્યપંક્તિઓ વાંચી, સમજી, નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો : **[4]**

(પાઠ્યપુસ્તક આધારિત પદ્ય વિભાગમાંથી)

બેઠો બેઠો, સખીસહિત હું માલતી મંડપે ત્યાં
ધારા જોતો, શ્રવણ ભરતો નૃત્યથી બુદબુદોનાં;
ત્યાં ગૈ ધારા, શમી પણ ગયા બુદબુદો, ને નિહાળ્યા
શૈલો, વચ્ચે સર નભ સમું, મસ્તકે અભ્ર તારા.

પ્રશ્નો :

(9) કવિ ક્યાં, કોની સાથે બેઠા હતા ?

(10) કવિએ ત્યાં શું નિહાળ્યું ?

(11) સરોવરની સરખામણી કવિએ કોની સાથે કરી છે ?

(12) આ કાવ્યનો પ્રકાર અને કવિનું નામ જણાવો.

❖ એક વાક્યમાં ઉત્તર લખો : **[4]**

(13) 'બંદરકૂદની' નામ શાથી પાડવામાં આવ્યું હતું ?

(14) અડવાએ ચોરોને પોતાની પાસે શું શું છે તે કેમ કહી દીધું ?

(15) ડભોઈવાસીઓને મન હીરાધરની શિલ્પકૃતિઓનું કેવું મૂલ્ય હતું ?

(16) મહાદેવભાઈએ કયાં કયાં સામયિકોના તંત્રી તરીકે સેવા આપી હતી ?

❖ બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો : **[4]**

(17) માનચતુરે ટાંકાને બદલે દેવને ગોળીમાં કેમ નાખ્યા ?

(18) આનંદીલાલની ક્રિકેટ પાછળની ઘેલછા કેવા પ્રકારની છે ?

❖ સવિસ્તર ઉત્તર લખો : **[8]**

(19) હરિયાથી હરિલાલભાઈ સુધીની હરિયાની કારકિર્દી શી રીતે ઘડાઈ ?

(20) 'ભરતગોત્રનાં લજ્જાચીર' શીર્ષકની યથાર્થતા ચર્ચો. *અથવા*

(20) ઝવેરદાદા 'બહુજન હિતાય, બહુજન સુખાય' કાર્ય કરનારા એક અદના સેવક હતા, એ વાત 'ઝવેરબાપા' પાઠના આધારે સમજાવો.

❖ માગ્યા પ્રમાણે ઉત્તર લખો : **[2]**

(21) લેખકના ગામને છેડે ________ નામનું આંબાવાડિયું હતું.

(અ) 'સતીનું વન' (બ) 'બાળપણનું વન' (ક) 'વાઘોનું વન' – (યોગ્ય શબ્દ વડે ખાલી જગ્યા પૂરો.)

(22) 'સરવણ'નું પાત્ર કઈ કૃતિમાં આવે છે ? (કૃતિનું નામ જણાવો.)

(23) 'સર્વધર્મમમ' એ શબ્દપ્રયોગ કોણે કર્યો ?

(અ) ગાંધીજી (બ) વિનોબા ભાવે (ક) કાકા કાલેલકર – (સાચો ઉત્તર લખો.)

(24) 'મારો અસબાબ'નાં લેખિકા ________ છે. (લેખિકાનું નામ જણાવો.)

❖ નીચેની ઉક્તિ કોણ બોલે છે અને કોને કહે છે ? **[2]**

(25) "જાઓ, ગિલ્લીદંડા રમો, ગિલ્લીદંડા !"

(26) "મને લાગે છે કે તું પાછી આવીશ ત્યાં સુધીમાં તો આ ઘરમાં મહેફિલો જામતી થઈ ગઈ હશે."

## વિભાગ : B

❖ લેખનરૂઢિ અને ભાષાદૃષ્ટિએ વાક્ય સુધારી ફરીથી લખો : **[2]**

(27) હું ઊંઝા ગામનો ગામવાસી છે.

(28) અત્યારે એક પણ પંખી ઊડતાં નથી કે ટહુકતાં નથી.

❖ પ્રત્યયો ખોટા વપરાયા હોય તો ફરીથી લખો : **[1]**

(29) આંધળા સસરાથી લાજ કાઢવાનું કોઈ શાણપણ નથી.

❖ નીચેના વાક્યમાંથી સંયોજક શોધીને લખો : **[1]**

(30) કોઈનું કામ કરીએ તો વેરી વશ થાય અને સૂરજ નમે ત્યાં રહીએ.

❖ સમાનાર્થી શબ્દો શોધીને સામસામે લખો : (ગમે તે ચાર) **[2]**

| | | |
|---|---|---|
| (31) જળ | વૃષ્ટિ | પ્રગલ્ભતા |
| (32) રજની | વારિ | વિભાવરી |
| (33) પરિપક્વતા | રૌદ્ર | પર્જન્ય |
| (34) મેઘરાજા | શર્વરી | ભયંકર |
| (35) ભીષણ | પ્રૌઢતા | સલિલ |

❖ રેખાંકિત શબ્દનો વિરોધી શબ્દ આપી, વાક્ય ફરીથી લખો : **[2]**

(36) તમે <u>તેજના</u> અવતાર છો.

(37) તું પાસે હોય તો મને જરાય <u>ચિંતા</u> નહિ.

(38) તે વખતે તેલના ભાવ <u>વાજબી</u> હતા.

(39) તેના બાળક તરફ પણ <u>લક્ષ</u> અપાતું નહીં.

(40) માર્ગમાં નક્કી <u>વિદાયનો</u> સમય આવશે.

❖ નીચેના શબ્દસમૂહો માટે એક-એક શબ્દ આપો : (ગમે તે ચાર) **[2]**

(41) દિવસનો મધ્ય ભાગ

(42) નદીકાંઠાની કાંપવાળી અને રેતાળ જમીન

(43) જેનાં નેત્રો સાક્ષાત્ મૃત્યુ જેવા છે તે

(44) કેડનો કંદોરો

(45) પાંદડાંનો ધીમો અવાજ

❖ નીચેના તળપદા શબ્દોનું શિષ્ટરૂપ લખો : **[1]**

(46) ઠામ (47) પ્રાક્રમી

❖ નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ આપી વાક્યપ્રયોગ કરો : **[2]**

(48) ગડમથલ કરવી (49) માથું ધુણાવવું

❖ નીચેના શબ્દોની જોડણી સુધારી ફરીથી લખો : (ગમે તે બે) **[1]**

(50) યૂવતિ (51) મીલનશાર (52) પુર્ણીમા

❖ નીચેનાં વાક્યોને પદક્રમ અને પદસંવાદની દૃષ્ટિએ ગોઠવી ફરી લખો : (ગમે તે બે) **[2]**

(53) મહત્ત્વનું ઘઉંસંશોધન એક કાર્ય હતું લોકભારતીનું.

(54) સૌમ્ય શરદપૂનમના હતું વ્યક્તિત્વ સમાન ચંદ્ર મહાદેવનું.

(55) ખજાનો કોઈને મોંઘો ખબર પડે ન દાઢીને તેમં પડે સંતાડવો.